# જગતના નાથ નગર ચર્યાએ નિકળ્યા

**મેઘરાજાએ ભગવાનના જગન્નાથજી પર સતત હેત વરસાવ્યુ : સેકટરોમાં કંકુ, અક્ષત અને ફુલોની વર્ષાથી દિવ્યરથનુ સ્વાગત : હાથી , ઘોડા અને બેન્ડ- ડી જે ની સુરાવલી વચ્ચે આગળ વધતી રથયાત્રાનુ ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરાયુ : સેકટરે સેકટરે વરસાદના અમીછાંટણાથી ભાવિકો ભક્તિરસમાં ભીંજાયા : બેહનો , બાળકો સહીત વડીલોએ પણ મનભરીને જગન્નાથજીના દિવ્ય સ્વરૂપના દર્શન કર્યા : ઘોડેસવાર યુવાનો તેમજ વિવિધ સ્વરૂપમાં સજજ પાત્રો આકર્ષણનુ કેન્દ્ર બન્યા : રથયાત્રાનુ પર્વ શાંતિપુર્ણ અને ઉલ્લાસમય માહોલમાં સંપન્ન :ભગવાનના મોસાળ જલારામ ધામમાં ભાવિકોને મહાપ્રસાદ પીરસાયો**






ગાંધીનગર તા ૪

ભગવાન જગન્નાથજીની રથયાત્રા આજે સવારે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી પ્રસ્થાન થઈ હતી. જય રણછોડ માખણચોરના જયઘોષ વચ્ચે પ્રસ્થાન થયેલી રથયાત્રાના પ્રારંભથી જ મેઘરાજાએ હેત વરસાવ્યુ હતુ. વરસાદના અમીછાંટણા સાથે રથયાત્રા આગળ વધી હતી. હાથી , ઘોડા અને બેન્ડની સુરાવલી સાથે આગળ વધતી રથયાત્રામાં ભગવાનના દિવ્ય રથની સાથે કલાત્મક બગી , ઘોડેસવાર યુવાનો,ભજન મંડળી સાથે રથયાત્રા આગળ વધી હતી. રથયાત્રામાં સુશોભિત અયપ્પા મંદિરનો રથ, પ્રસાદનો રથ, ટ્રેકટરો, ઉંટલારી , ટ્રક તેમજ પોલીસવાન પણ સામેલ હતા. ડી જે તેમજ બેન્ડની સુરાવલી સાથે વરસાદી ભીંજારામાં ભગવાનનો રથ આગળ વધતા સેકટરોમાં ભાવિકો દર્શન માટે ઉમટી પડયા હતા. આગળ વધતી રથયાત્રાનુ સેકટરોમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરાયુ હતુ. રથયાત્રા દરમિયાન સેકટરમાં સતત વરસાદી છાંટણા વરસતા ભાવિકોનો ઉત્સાહ બેવડાયો હતો. રથયાત્રાના દર્શન માટે રૂટમાં બહેનો તેમજ બાળકોની પણ વિશેષ ભીડ જામી હતી. વિવિધ વેશભુષામાં સજજ બાળકો પણ રથયાત્રા દરમિયન આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. રથયાત્રાના રૂટમાં તુલસી સહીતના વિવિધ રોપાઓનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. રથયાત્રાના રૂટમાં ભાવિકો દ્વારા ઠેર ઠેર છાશ , શરબત , લીંબુ પાણી, ચા તેમજ નાસ્તાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. સેકટરોમાં ભગવાનના દિવ્ય સ્વરૂપ અને નવીનરથના દર્શન કરવા માટે ભાવિકો અધીરા બન્યા હતા. સેકટરોમાં ભાવિકોએ ફુલ તેમજ કંકુ અક્ષતથી રથયાત્રાના હેતે ઓવારણા લીધા હતા. ભગવાનના મોસાળમાં ભાવિકોએ ખીચડી મોહનથાળનો પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. રથયાત્રાના રૂટમાં ભાવિકોને કાકડી, જાંબુ અને મગના પ્રસાદનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૩૧ કી મીના રૂટમાં ભગવાનનો રથ ખેંચીને પંચદેવ યુવક મંડળના યુવાનોએ ઉમદા સેવા પુરી પાડી ધન્યતા અનુભવી હતી. શાંતિપુર્ણ માહોલમાં રથયાત્રાનુ પર્વ સંપન્ન થયુ હતુ.

ભગવાન જગન્નાથજીની રથયાત્રા આજે સવારે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી સવારે ૭ : ૨૦ કલાકે પ્રસ્થાન થઈ હતી. ભગવાનની આરતી અને પુજાવિધિ બાદ જય રણછોડ માખણચોરના જયઘોષ સાથે ભગવાનનો દિવ્ય રથ નગરના પરિભ્રમણ માટે નિકળ્યો હતો. આ પ્રસંગે પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી,રથયાત્રા સમિતિના દિનેશ કાપડીયા , મેયર રીટાબેન પટેલ નગરના અગ્રણી અરૂણ બુચ, જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ , પુર્વ મેયર પ્રવિણ પટેલ , સહીત નગરના આગેવાનો તેમજ ભાવિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પંચદેવ મંદિરથી પ્રસ્થાન થયેલી રથયાત્રા નિયત રૂટ તરફ આગળ વધી સે-૨૨ શોપિંગ સેન્ટર પહોંચી હતી. જયાં વેપારીઓએ આરતી ઉતારી રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ સે-૨૨ ના આંતરિક માર્ગ પરથી રથયાત્રા આગળ વધતા સ્થાનિક સેકટરવાસીઓએ ભગવાનના દર્શનનો લાભ લીધો હતો. સે-૧૭ :૨૨ થઈને રથયાત્રા સે-૧૭ ના શોપિંગ પાસે આવી

● અનુસંધાન પાન-૭ પર

### રથયાત્રાના રૂટમાં કોર્પોરેશનની ટીમે સતત સફાઇ કરી

ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન શહેરમાં ગંદકી ન થાય તે માટે મહાનગરપાલિકા દ્વારા રથયાત્રના અંતે સફાઇ માટે ખાસ બે સાધનો મુકવામાં આવ્યા હતા. રથયાત્રા રૂટમાંથી પસાર થયા બાદ સેકટરોમાં આ ટીમ દ્વારા સફાઇ કરવામાં આવી હતી. રથયાત્રામાં મહાનગરપાલિકાના આ બે સાધનો પણ સફાઇ માટે જોડાયા હતા. જેના લીધે સકટરોમાં ચા નાસ્તા બાદ ખડકાયેલો કચરો પણ તુરંત જ ઉઠાવી લેવાયો હતો.

### સેકટરોમાં કંકુ અક્ષત અને શ્રીફળથી રથયાત્રાનુ ભવ્ય સ્વાગત

ભગવાન જગન્નાથજીના દિવ્ય રથનુ સેકટરોમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરાયુ હતુ. સેકટરવાસીઓએ કંકુ, અક્ષત અને ફુલો વરસાવી રથયાત્રાના ઓવારણા લીધા હતા. સેકટરોમાં ભાવિકોએ આરતી અને પુજા અર્ચના કરી દર્શનનો લાભ લીધો હતો. જયારે યાત્રાના રૂટમાં શ્રીફળો વધેરીને પણ ભગવાનના દિવ્ય રથનુ સ્વાગત કરાયુ હતુ. સે-૬ માં પણ એક ભાવિકે ત્રણ શ્રીફળ વધેરી નાળિયેર પાણીનો છંટકાવ કરી રથયાત્રાના ઓવારણા લીધા હતા.



**રથને ભીંજારાથી રક્ષણ આપવા પ્લાસ્ટીક પાથરી દેવાયુ**

રથયાત્રાના પ્રારંભથી જ વરસાદના અમીછાંટણા થયા હતા. રથયાત્રા સેકટરોમાં આગળ વધતા સતત વરસાદી છાંટણા વચ્ચે ભીંજારાનો માહોલ યથાવત રહ્યો હતો. ભગવાનના મોસાળમાં રથયાત્રા પહોંચતા વરસાદના લીધે ભગવાનના રથ ને ભીંજારાથી બચાવવા ઉપર પ્લાસ્ટીકનુ કવર પાથરી દેવાયુ હતુ. સવારથી પ્રસ્થાન થયેલી રથયાત્રા નિજમંદિર પરત ફરી ત્યાં સુધી સમયાંતરે વરસાદી છાંટણા થતા રહેતા ભાવિકોએ પણ હર્ષની લાગણી વ્યકત કરી હતી.






**વિવિધ સ્વરૂપમાં સજજ બાળકો આકર્ષણનુ કેન્દ્ર બન્યા**

રથયાત્રા દરમિયાન અનેક આકર્ષણો છવાયા હતા. ભગવાનના દિવ્ય રથ સાથે હાથી ઘોડા અને બેન્ડવાજાની સુરાવલી સાથે આગળ વધતી રથયાત્રામાં વિવિધ કાર્ટુન પાત્રોમાં સજજ પાત્રાએ બાળકોમાં વિશેષ આકર્ષણ ઉભુ કર્યુ હતુ. જયારે રથયાત્રા દરમિયાન કોઈ બાળક ભારત માતા, કોઈ ક્રિષ્ન સ્વરૂપે તો કોઈ શિવ સ્વરૂપમાં દેખાયા હતા. બ્રહ્માકુમારીઝની કલાત્મક બગીમાં સજજ બાળકીઓએ પણ સૌનુ ધ્યાન ખેંચ્યુ હતુ.

## ભાજપના આગેવાનો વચ્ચે શાબ્દીક ટપાટપી ચર્ચાનો મુદ્દો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાની વોર્ડ નં. ૩ની પેટા ચૂંટણી છે ત્યારે મેયર પતિ અને શહેર પ્રમુખ તેમજ મેયરપતિ અને પૂર્વ મેયર વચ્ચે થયેલી શાબ્દીક ચકમકો આજે રથયાત્રાના રૂટમાં લોકોની ચર્ચાનો મુદ્દો હતો.

મેયરપતિ અને શહેર પ્રમુખ વચ્ચે બોલાચાલીનું કારણ જાણવા મળી શક્યુ નથી પરંતુ મેયરપતિ અને પૂર્વ મેયર વચ્ચે રથ ખેંચવાના આરંભે શાબ્દીક ટપાટપી થઈ હોવાની વાતોએ લોકોમાં ચર્ચા જગાવી છે.

ગાંધીનગર મનપાની પેટા ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરવાની આડે હવે બે દિવસ જ બાકી છે ત્યારે ભાજપના નેતાઓ વચ્ચેની આ શાબ્દીક ટપાટપીથી શહેરના રાજકારણમાં ગરમાવો જરૂર જોવા મળી રહ્યો છે.

## આજે રાજ્યસભાની બે બેઠકોનો જંગ

ગાંધીનગર, તા. ૪

રાજ્યસભાની ખાલી પડેલી બે બેઠકોની આજે યોજાનાર ચૂંટણીના મતદાનને લઈ તમામ તૈયારીઓ ચૂંટણી અધિકારી દ્વારા સંપન્ન કરી દેવામાં આવી છે.

બે બેઠકોની પેટા ચૂંટણી માટે બે અલગ અલગ મતપત્રકો રાખવામાં આવ્યા છે. આ મતપત્રકોમાં અમિતભાઈ શાહની ખાલી પડેલી બેઠક માટે સફેદ રંગનું મતપત્રક તથા સ્મૃતિબેન ઈરાનીની ખાલી પડેલી બેઠક માટે ગુલાબી રંગનું મતપત્રક રાખવામાં આવ્યું છે.

**બે બેઠકો માટે બે અલગ રંગના મતપત્રકો : મતદારો માટે ખાસ પ્રતિક્ષાખંડ પણ બનાવાયો**

બન્ને બેઠકો માટે દરેક મતદારે એક પછી એક એમ બે વખત મતદાન કરવાનુ રહેશે. જોકે મતદાનનું સ્થળ એક જ રાખવામાં આવેલ છે. મતપત્રકમાં એક નંબર દર્શાવવો આવશ્યક છે નહિ તો મતપત્રક રદ જાહેર કરાશે તેમ જાણવા મળેલ છે.

વિધાનસભા સંકુલમાં ચોથા માળે આ માટે મતદાન મથક બનાવવામાં આવ્યુ છે. મતદાન માટે ધારાસભ્યો આવે અને લાઈન હોય તો મતદારો માટે ખાસ પ્રતિક્ષા ખંડ પણ બનાવવામાં આવ્યો છે.

સવારે ૯ થી ૪ દરમ્યાન આ મતદાન યોજાવાનુ છે. આજે સાંજે ભાજપના સભ્યોની એક મહત્વની બેઠક મળી હતી.

કોંગ્રેસના સભ્યોને બાલારામ લઈ જવામાં આવ્યા છે અને તેઓ સવારે સીધા વિધાનસભામાં મતદાન માટે આવશે.

ગુજરાત વિધાનસભામાં હાલ ૧૭૫ સભ્યો છે. છ બેઠકો ખાલી છે. ભાજપના ૧૦૦, કોંગ્રેસના ૭૧, એન.સી.પી.ના એક, બી.ટી.એસ.ના બે અને એક સભ્ય અપક્ષ છે.

આ પેટા ચૂંટણીમાં ક્રોસ વોટીંગ થવાનો ભય નથી પરંતુ એપ્રિલમાં ૪ બેઠકો માટે આવનારી દ્વિવાર્ષિક ચૂંટણીને લઈ રાજકીય ઉત્તેજનાઓ વધુ છે. ભાજપને ૧૦૦ મત જ મળે છે કે તેની સંખ્યા વધે છે તો બીજી તરફ કોંગ્રેસ રાજ્યમાં વિપક્ષની એકતા કેટલી મજબુત છે તેનો પણ ખ્યાલ આ ચૂંટણીના મતગણતરીના આંકડાઓ પરથી આવશે.

રાજ્યના રાજાકરણમાં આ ચૂંટણી પછી નવી રાજકીય ધ્રુવીકરણની પહેલનો પ્રારંભ થશે તેમ રાજકીય પંડિતો માની રહ્યા છે. મતદાન પછી બે કલાક બાદ મતગણતરી વિધાનસભા ખાતે હાથ ધરવામાં આવશે જે એક કલાક જેટલો સમય ચાલશે.

## મનપાની પેટા ચૂંટણી માટે કોંગ્રેસના મિત્તુલ જોશીએ ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ની પેટા ચૂંટણી માટે આજે કોંગ્રેસના ઉમેદવાર મિત્તુલ જોશીએ તેની ઉમેદવારી નોંધાવી છે. આ પેટા ચૂંટણી માટે આજ સુધીમાં એક જ ઉમેદવારી પત્ર ભરાયું છે.

ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૬ જુલાઈ છે. ભાજપ તરફથી હજુ ઉમેદવારની પસંદગી આખરી થઈ નથી.

આજે કોંગી ઉમેદવાર મિત્તુલ જોશી પંચદેવ મંદિરથી સરઘાસાકારે પોતાની ઉમેદવારી નોંધાવવા માટે ચૂંટણી અધિકારીની કચેરીએ પહોંચ્યા હતા. પંચદેવ મંદિર ખાતે તેમને ભગવાનની પૂજા-અર્ચના પણ કરી હતી.

તેઓ ઉમેદવારી નોંધાવવા ગયા ત્યારે તેમની સાથે પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, મનપાના કોંગી કાઉન્સીલરો,



વિવિધ સામાજિક સંગઠ્નના આગેવાનો, કોંગ્રેસના હોદ્દેદારો પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ખાચર, મુકેશ પટેલ તેમજ યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

તેમણે આજે ઉમેદવારી નોંધાવી અને પ્રચાર અભિયાનનો પણ આરંભ કરી દીધો છે. મિત્તુલ જોશીએ ચૂંટણી અધિકારી ભોરણિયા સમક્ષ તેમનું ઉમેદવારી પત્ર એક સેટમાં રજુ કર્યુ હતુ જેની સાથે પક્ષનો મેન્ડેટ પણ હતો. આ વેળાએ પ્રદેશ મહામંત્રી નીશીત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા હિમાંશુ પટેલ, સૂર્યસિંહ ડાભી, રાકેશ જાની સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.





**બેસણું**

અમારા માતૃશ્રી **ગં.સ્વ.ચંદ્રકલાબેન (ઈન્દુબેન) ઇન્દુલાલ જાની** તા.૨૯-૬-૧૯ને શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.**સદ્ગતનું બેસણું તા.૫-૭-૧૯ શુક્રવારના રોજ સાજે ૫ થી ૭ કલાક દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ: ઉમીયા માતાજીનું મંદિર, સીવીલહોસ્પીટલની બાજુમાં, સે.૧૨, ગાંધીનગર**

| | |
|---|---|
| સ્વ.ઈન્દુલાલ પી. જાની | જવલ જે. જાની (પૌત્ર) |
| જયેશભાઈ આઈ. જાની | વૈભવ આર. જાની (પૌત્ર) |
| રાજેશભાઈ આઈ જાની | હિતાબેન જે. જાની |
| પ્રતીમાબેન એન.ઠાકર (દિકરી) | માલીનીબેન આર. જાની |



**બેસણું**

અમારા ભાઇશ્રી

**સ્વ. રમણભાઈ સોમાભાઈ પટેલ**

નું તારીખ ૦૩-૦૭-૨૦૧૯ ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને જે ગમ્યુ તે ખરૂ.

સદ્ગતનું બેસણું તા. ૦૫/૦૭/૨૦૧૯ શુક્રવાર ના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુ.પો.પોગલુ, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા (૯૮૯૮૦૩૦૭૦૭, ૯૭૨૫૦૨૪૨૮૮)

લિ. **બાબુભાઈ સોમાભાઈ પટેલ (અશ્વમેઘ)**
**જયંતિભાઈ સોમાભાઈ પટેલ**
**સમસ્ત ભકતા પરિવાર**



## ચોમાસુ એક સપ્તાહ વિલંબથી ચાલી રહ્યું છે : બે તાલુકામાં વાવણીલાયક વરસાદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં બે તાલુકામાં વાવણીલાયક વરસાદ નોંધાઈ ચુક્યો છે જો કે આ વખતે નિયમિત ચોમાસુ એક સપ્તાહ જેટલો સમય મોડુ ચાલી રહ્યુ છે. જોકે વરસાદની હાલ ખેડૂતો ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે.

જૂનના છેલ્લા સપ્તાહમાં સામાન્યતઃ ચોમાસુ બેસી જતુ હોય છે. વાયુ વાવાઝોડાના પગલે ઉભી થયેલ લો પ્રેશર સિસ્ટમને કારણે જિલ્લાના ચારેય તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં કલોલ અને માણસા તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ ચુક્યો છે જ્યારે ગાંધીનગર અને દહેગામ તાલુકામાં હજુ ઘટ પ્રવર્તે છે.

**વરસાદની ચાતક નજરે રાહ જોતા ખેડૂતો**

આજે ગાંધીનગર શહેર સહિત જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં ઝરમર ઝરમર વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોનું કહેવુ છે કે આગામી ૪૮ કલાકમાં ગુજરાતમાં ચોમાસુ સક્રિય થઈ જશે.

● અનુસંધાન પાન-૭ પર


**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com